આ. છા. મ. લી કનૈયાલાલ કિશોરી

## માનનીય ધારાસભ્યશ્રી-૧૦નું ગુજરાત ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ એક્ટ, ૨૦૧૭ ના સુધારા પર વક્તવ્ય:

જીએસટી કાયદા હેઠળ નાનાં કરદાતાઓનું ખાસ ધ્યાન રાખવામાં આવેલ છે.

ફક્ત ચીજ-વસ્તુઓનો વેપાર કરતાં કરદાતાઓ કે જેમનુ વાર્ષિક ટર્નઓવર ૪૦ લાખ સુધીનું હોય તેઓને તેમજ સેવાઓનાં સપ્લાય કરતા કરદાતાઓ કે જેમનું વાર્ષિક ટર્નઓવર ૨૦ લાખ સુધીનું છે તેઓને રજીસ્ટ્રેશન મેળવવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

ફક્ત ચીજ-વસ્તુઓનો વેપાર કરતાં હોય તેવાં ૧.૫ (દોઢ) કરોડનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા કરદાતાઓને જીએસટી કાયદા હેઠળ પૂરે-પૂરો વેરો ભરવાની જગ્યાએ ઓછાં દરે લમસમ (ઉચ્ચક) વેરો ભરવાની જોગવાઈ રાખવામાં આવેલ છે. જ્યારે સેવાઓનો સપ્લાય કરનાર કરદાતાઓનુ ટર્ન ઓવર જો પચાસ લાખ હોય તો તેવાં કરદાતાઓને પણ ઓછાં દરે લમસમ (ઉચ્ચક) વેરો ભરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

પત્રક ફાઇલીંગમાં મુશ્કેલી ન પડી રહે તેનું ખાસ ધ્યાન રાખીને પાંચ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતાં કરદાતાઓને ત્રિમાસિક પત્રક રજૂ કરવની સુવિધા આપવામાં આવેલ છે. આ ઉપરાંત, બે કરોડનું ટર્નઓવર ધરાવતાં કરદાતાઓને વાર્ષિક પત્રક રજૂ કરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

આમ, નાના કરદાતાઓ માટે જીએસટી ફાયદારૂપ હોવાને કારણે માન. નાણાંમંત્રીશ્રીએ રજુ કરેલ જી.એસ.ટી. કાયદામાં સુધારા અંગેના આ વિધેયકને મારો સંપૂર્ણ ટેકો જાહેર કરું છું.